# સોમવાર, તા.૧૭ ઓગસ્ટ, ૨૦૨૬

## ૪૨૧.અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિની બેઠક:

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૨૮/૦૭/૨૦૨૬ના રોજ મળી હતી.

સમિતિએ ઉક્ત બેઠકમાં આદિજાતિની ઘનિષ્ટ વસ્તી ધરાવતા જિલ્લાઓમાં આદિજાતિના લોકો માટેની વન વિભાગ હસ્તકની યોજનાઓ, મંજૂરી મળવાના બાકી પડતર રસ્તાઓ સંબંધિત વિભાગ તરફથી ૨૨/૦૯/૨૦૨૫ના રોજ મળેલ સાહિત્યની તપાસ હાથ ધરી હતી. જેમાં સમિતિએ વન્ય પ્રાણી વ્યવસ્થા અને વિકાસ યોજના અંતર્ગત કરવામાં આવતી કામગીરી અંગે પૃચ્છા કરેલ અને દક્ષિણ ગુજરાતમાં ઈકો ટુરીઝમ વિકસાવવા વિભાગને અનુરોધ કરેલ. સમિતિએ દક્ષિણ ગુજરાતના ડુંગરાળ આદિવાસી વિસ્તારોમાં આવેલા વર્ષો જૂના પરંપરાગત દેવસ્થાનોને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવવા અંગે જરૂરી કાર્યવાહી કરવા અનુરોધ કરેલ તેમજ વન્ય પ્રાણીઓને માનવ વસ્તી સાથેનો સંઘર્ષ ટાળી શકાય તે માટે જંગલ વિસ્તારમાં પાણીના કુંડ, તલાવડીઓ, અદ્યતન ટેકનોલોજીના ચેક ડેમો બનાવવા સમિતિએ ભલામણ કરેલ. સમિતિએ વન અધિકાર અધિનિયમ હેઠળ મળેલ દાવા અરજીઓના ઝડપથી નિકાલ કરવા તેમજ દાવા અરજી હેઠળ જેમને સનદ આપી દીધી હોય તેમને વીજળી વહેલી તકે મળે તે માટે વિભાગને અનુરોધ કરી તપાસ પૂરી કરી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા**